# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૧૧

## સલામી સવારની..

ઓબામાં આંખ કાઢે ને કાયદા બદલી નાખે છે,
દીધા હોય સંસદમાં, વાયદા બદલી નાખે છે,
થાય ઢીલા ભલભલા-વિશ્વ જમાદારની ધાકે,
વિશ્વ વેપારી પેઢીઓ, ફાયદા બદલી નાખે છે..
(અણુ-ઉર્જા કરાર)

## હાઇકુ

કમીશન નો
ખીરપાક ખાઇને -
કાગડા રાજી!

કંટાળ્યા હવા
જેલના રોટલાથી -
વેરે વટાણા..

## ચિંતન

**વિપુલ હૃદયૈર્ધન્યૈં કૈશ્ચિજ્જનિત પુરા વિધૃતમપરૈર્દત્તં ચાન્યૈ ર્વિજિત્ય તૃણં યથા ।**
**ઇહ હિ ભુવનાન્યન્યે ધીરાશ્ચતુર્દશ ભુંજતે કતિપય પુરસ્વાભ્યે પુંસાં ક એષ મદજ્વરઃ ॥**

સુભાષિત રત્ન-ભાંડાગારના બીજા પ્રકરણ- 'મનસ્વી લોકોની પ્રશંસા'નો આ શ્લોક છે :

'જેમના હૃદય-વિશાળ અને વિપુલ છે એવા કેટલાક ધન્ય દેવો-પુરૂષોએ આ જગતની રચના કરી' વળી બીજા કેટલાક વીરપુરૂષોએ આ જગતનું રક્ષણ-પોષણ ધારણ કર્યું, તો વળી અન્ય કેટાલક પુરૂષોએ આ જગતને જીતી લઇને તૃણની જેમ તુચ્છ ગણીને દાનમાં પણ આપી દીધું છે અને અત્યારે પણ કેટલાક ધીર-વીરજનો આ બ્રહ્માંડ ચૌદ ભુવનોને ભોગવે છે, - નિરાભિમાન પણે ભાર-જવાબદારી પણ વહન કરે છે,

પરંતુ-જેમને થોડાંક નગરોનું સ્વામીપણું-રાજ ભોગવવાની ક્ષણિક સત્તા પ્રાપ્ત થઇ છે એવા તુચ્છ નેતાઓ ને મદ-અભિમાનનો તાવ કેમ આવી જતો હશે?'

ઓબામા હોય કે પાકિસ્તાન-ચીનના પ્રમુખો, આપણા ચૂંટલા પ્રતિનિધિ પ્રધાનશ્રીઓ માત્ર થોડી-નાની મુદત માટે થોડાંક-કેટલાંક નગર કે રાજયોની સત્તા ભોગવે છે પણ એમને વિશ્વની રચના કરી ભરપોષણ કરનારા કરતાં પણ એટલો મદ-અભિમાનનો તાવ આવી જાય છે કે બેભાન થઇ જાય છે જાણે વિશ્વ-બ્રહ્માંડના માલિક થઇ ગયા હોય એવો ઘમંડી-તુમાખી સ્વભાવ અને આચરણ થઇ જાય છે.

## સુવિચાર

- દરેક રૂદન ને શમાવી શકે અને દરેકના રૂદિયામાં રૂદન જન્માવી શકે તે 'મા'
  **- શાહબુદ્દીન રાઠોડ**
- પાશ્ચાત્ય સમાજ વ્યવસ્થાનો ભલે આપણે વિરોધ કરતા હોઇએ પણ તેમણે જ 'ફાધર્સ ડે' અને 'મધર્સ ડે' આપીને વિશ્વ માટે એક ઉમદા ખ્યાલ વહેતો કર્યો છે **- ધ્વનિત**
- જો વિચારને વણોવાણીમાં તો જન્મે છે ભાષા... જો વર્ણો તેને વર્તન માંહે, તો ફળે મનની આશા
  **- કવિ કાન્ત**
- આપે આપણા ભૂતકાળના અનુભવોમાંથી જે શિખ્યા તે જ સત્ય છે, વળી વર્તમાનમાં તેનો ઉપયોગ કરી પ્રગતિ કરવામાં જ કલ્યાણ છે, અને ભાવિમાં તે પ્રગતિના ફળ માણવામાં જ જીવનનો સાચો આનંદ છે **- માનસ સૂત્ર**
- સતયુગમાં પઢી પીને લોકો શિખતા હતા પાઠો 'વેદ' ના.. કળીયુગમાં લડી લડીને લોકો આણે છે જગમાં 'વેદના' **- સુદર્શનજી**
- જ્ઞાન જયારે સંપૂર્ણતા એ પહોંચે ત્યારે ઇશ્વરનું રહસ્ય સમજાય, જેને કારણે સૃષ્ટિના સર્જન, જેને કારણે સૃષ્ટિના સર્જન, સંચાલન અને સંહારના નિયમો સમજાય તે જ સાચો સનાતન ધર્મ **- ધર્મસૂત્ર**
- વિચાર વાણી વર્તનમાં જયારે મળે સત્યનું અંગ... ત્યારે જાણવું કે થઇ ગયો છે સાચો સત્સંગ
  **- સહજાનંદ સ્વામિ**

## બોધ કથા

આળશુ લોકો ઘણીવાર 'આળશ' ને 'સંતોષ'નો બૂરખો પહેરાવી પોતાની આળશુવૃત્તિની સફળતાથી છૂપાવવામાં સફળ થાય છે. ધંધો-નોકરી-સાહસ-પરિશ્રમથી પલાયન થવા પ્રયત્ન કરનારા આવા યુવાોને જો પ્રેરણા પ્રોત્સાહનની અસર ન થતી હોય તો એક ફરજીયાત 'ધક્કા'ની જરૂર હોય છે - હિંમત આપવાની જરૂર હોય છે.

એક રાજાને વિદેશની 'બાજ' પક્ષીનું બચ્ચું ભેટ મળ્યું-હજુ નવું-નવું થોડું-થોડું ઉડતા શીખ્યું હતું પણ સ્વભાવે આળશુ અને ભીરૂ હતું- રાજાના બગીચામાં ઊડીને એક ઊંચા વૃક્ષ પર બેસી ગયું. રાજાએ તેને નીચે બોલાવવા સ્વાદિષ્ટ માંસના ટૂકના નાખ્યા પણ બચ્ચું બસ એક જ ઊંડી ડાળ પર ચીટકીને બેઠું તે બેઠું - ટ્રેનરને બોલાવ્યા - શિકારીઓને બોલાવ્યા પણ બચ્ચું ચસસ્ક્યું જ નહીં. વાત ફેલાઇ- લોકો અચરજ જોવા આવા લાગ્યાં..

.. એ ટોળામાંથી એક મેલાં-ઘેલાં કરડાંવાળો પણ અનુભવી અબૂધ ખેડૂત આવ્યો. રાજાને કહ્યું હું આ બાજનાં બચ્ચાંને ઉડતું કરી દઉં!

રાજાએ મંજૂરી આપી. ખેડૂત ચારપાંચ માણસ ઊંચે સ્થળે ગોઠવી દીધો અને જાતે વૃક્ષ પર ચઢી બચ્ચું બેઠું હતું તે ડાળ કાપી નાખી અને આસપાસ બેસવા પ્રયત્ન કરવા લાગ્યું પણ પેલા માણસો એને બેસવા જ ન દે - બચ્ચું રાજાના મહેલ આસપાસ ઊડતું રહ્યું!! પછી હિંમત આવી ગઇ.. આળશની ડાળી કાપી નાખો.

Email - sureshchandrabhatt18@gmail.com

# બાલિકાઓના શોષણ વિશે સમાજને ઢંઢોળવા માટે સંયુક્ત રાષ્ટ્રસંઘે ૨૧ થી ૨૭ સપ્ટેમ્બરને આંતરરાષ્ટ્રીય બાલિકા સપ્તાહ તરીકે ઊજવવાનું નક્કી કર્યું છે, જેથી સમગ્ર જગતમાં બાલિકાઓની સ્થિતિ વિશે જાગૃતિ પ્રસરે ...

## હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

અમને ખબર છે કે પ્રસંગોપાત, વખતોવખત અમે આવા લેખો લખીએ છીએ, સમાજમાં થોડાક પરિવર્તનની આશા રાખીએ છીએ, પણ વખતોવખત સમાજ અમને ગાલે તમાચો મારીને જણાવે છે કે તમારા બકવાસનો કશો અર્થ નથી. અમારી અંદર જે શોષકો છે તે વધારે ને વધારે શોષણ કરતા રહેવાના છે અને જે શોષિત છે, તે વધારે ને વધારે પ્રમાણમાં શોષિત થતા રહેવાના છે. અસંખ્ય અવતાર પુરૂષો, અસંખ્ય સંતો, શોષણની જે તરાહો હજારો વર્ષ પર્યન્ત વિકસી છે તે બદલાવાની નથી.

શોષિત વર્ગોમાં કોનો સમાવેશ થાય છે, એ આપણે જાણીએ છીએ. અહીં પુનરાવર્તન કરવાની જરૂર નથી. વળી, એ પણ જાણીએ છીએ કે શોષિતોમાં નારીજાતોનો સમાવેશ થાય છે. એમાં પણ વધુ શોષિત બાલિકાઓ છે. આ બાલિકાઓના શોષણ વિશે સમાજને ઢંઢોળવા માટે સંયુક્ત રાષ્ટ્રસંઘે ૨૧ થી ૨૭ સપ્ટેમ્બરને આંતરરાષ્ટ્રીય બાલિકા સપ્તાહ તરીકે ઊજવવાનું નક્કી કર્યું છે, જેથી સમગ્ર જગતમાં બાલિકાઓની સ્થિતિ વિશે જાગૃતિ પ્રસરે અને ભલે એવું લાગે કે જાગૃતિના પ્રયાસોનાં પરિમાણ મળી નથી રહ્યાં, સમાજમાં થોડીક તો સમજણ પ્રસરે જ છે.

બાલિકાઓની હાલત વિશે વિચાર કરવા બેસીએ ત્યારે પહેલી વાત તો એ છે કે આપણે એ ક્ષેત્રે, એ બાબતે કયાં છીએ? પહેલી વાત તો એ છે કે બાલિકાઓની સમસ્યાઓ કઇ કઇ છે? સમસ્યાઓમાં નર સંતાન કરતાં નારી સંતાનની અલ્પ સંખ્યા, પરિવારમાં નર સંતાન કરતાં નારી સંતાનનું અલ્પ મૂલ્ય, પરિણામે એને મળતું અલ્પ પોષણ, પરિણામે એના વિકાસ અને તંદુરસ્તીની સમસ્યાઓ, ભણતરમાં નારી સંતાનને અલ્પ મહત્ત્વ, પરિણામે પરિવારમાં અને સમાજમાં એની અલ્પ મહત્તા, પરિણામે પગભર થવાનો ઓછો અવકાશ! વળી, છોકરીઓની અલ્પ ઉંમરે લગ્ન, એને પરિણામે એના પર માનસિક અને શારીરિક બોજ તથા અન્ય વિકૃત પરિણામો... આજે આપણે અપુખ્ય વયે બાલિકાનાં લગ્ન વિશે થોડીક વાત કરીએ...

દેશે કાનૂન બનાવીને છોકરા - છોકરીના લગ્ન માટેના લઘુત્તમ વય નક્કી કરી છે, પરંતુ સમાજ એટલો બધો પછાત છે કે છોકરીઓનાં લગ્ન નિયત ઉંમર કરતાં પહેલાં જ કરી નાખે છે.

વહેલી ઉંમરે લગ્ન થવાને કારણએ જાતીય સંબંધની શરૂઆત પણ વહેલી થાય છે. એને કારણે બાળકીએ માનસિક અને શારીરિક સંતાપ ભોગવવો પડે છે. કેટલીક બાળકીઓ તો આ બધી બાબતોથી એવી અજ્ઞાત હોય છે. પરંતુ એમને ફરમાવવામાં આવે છે કે લગ્ન એટલે આ જ! પરિણામે જે માનસિક આઘાત પહોંચે છે તે જીવનભર ટકે છે.

શરીર તો એનું કામ કરે જ છે. સાવ કાચી વયે કિશોરી સગર્ભા બને છે, એનું સમગ્ર શરીર આ અવસ્થા માટે તૈયાર હોતું જ નથી. પરિણામે જાતજાતનાં દુઃખાવા, અધૂરે મહિને અકુદરતી પ્રસૂતિ, ઓછા વજનવાળા સંતાનનો જન્મ અને નવજાત શિશુના મરણના સંજોગો સર્જાય છે. વળી, માત્ર શિશુનાં મૃત્યુના જ નહીં, અણસમજુ અને અપુખ્ત બાલિકાના મોતનો સંભવ પણ રહે છે. વાસ્તવમાં, દેશમાં પ્રસૂતિ વેળા પ્રસૂતાઓનાં મોતની સંખ્યામાં સૌથી મોટી સંખ્યા ૧૫ થી ૧૯ વર્ષની બાલિકા માતાઓની છે.

વહેલાં લગ્નનું એક પરિણામ અલ્પ શિક્ષણ છે. અમારે ઘરે ઘરકામમાં મદદ કરનાર પરિવારની દીકરી માંડ આઠ ધોરણ સુધી ભણી શકી અને એને પરણાવવાની તૈયારી થઇ. એ હજુ ૧૮ની થઇ નહોતી, એટલે અમે ચૂકવ્યું કે એને લગ્નવયે પહોંચવા દો, પરંતુ દરેક પરિવારને આવું સૂચવનાર કોઇ હોતું નથી. છોકરી સાવ અલ્પ શિક્ષણ લઇને અથવા લગભગ અભણ રહીને સાસરે જાય છે. ત્યાં એણે અભણ અને અશક્ત ગુલામ તરીકે જ જીવવું પડે છે. પરિવારમાં કામકાજમાં કે પોતાની ઉપર થતા જુલમ સામે અભણ છોકરીનો કશો અવાજ હોતો નથી. એટલું ઓછું હોય તેમ, આ કિશોરીઓને પતિનો કે સાસુનો માર પણ ખમવો પડે છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે ૨૦૦૧ અનુસાર આ બાલિકા વહુઓને દિવસમાં એક વાર તો માર પડે જ છે!

લગ્ન બાદ અજાણ્યા ઘરમાં શરમ, સંકોચ અને ડરની મારી બિચારી આ કિશોરી પૂરતું ખાવાનુંય પામતી નથી અને માગી પણ શકતી નથી. પરિણામે એ રક્તની અલ્પતાની શિકાર બની જાય છે. વળી વહુ તરીકે, સાસરીના ઘરની ઘરકામની મહત્તમ જવાબદારી એને માથે આવી પડે છે. આથી રમતગમતની એ ઉંમરે એ અકાળે પુખ્તતામાં પ્રવેશે છે. નાની અને અભણ હોવાથી સામાજિક અને અન્ય નિર્ણયોમાં એનો મત રહેતો નથી. એટલે સુધી કે પ્રજનન અંગેનાં નિર્ણય પણ એ જાતે લઇ શકતી નથી. એ બધુ એના પર બળજબરીથી લદાય છે. એને પરિણામે ઘણી વાર કિશોરી માનસિક દબાણ અને હતાશાનો શિકાર બને છે.

કિશોરીનાં નાની વયમાં લગ્નનો અર્થ એ પણ ખરો કે નાની વયના તરૂણ એના લગ્ન! એટલે કે એ તરૂણની પણ ઘણા ખરા કિસ્સામાં તો ભણતરની કારકિર્દી ખતમ થઇ જાય છે. કદાચ કોઇ સંપન્ન પરિવામાં એ તરૂણ લગ્ન પછીએ ભણતર ચાલુ રાખી શકતો હશે, એનું માનસ તો ફંટાઇ જ જાય છે. પરિણામે શૈક્ષણિક ક્ષમતા કથળે છે. અને આર્થિક રીતે સંપન્ન નહીં એવા પરિવારનો તરૂણ હોય તો, તેણે તો તરત કમાણી કરવા લાગવું પડે છે. એ પછી વળી સંતાન થાય તો એની જવાબદારી હજી વધે છે. એટલે કમાણી કરવાનું દબાણ પણ વધે છે. એ તરૂણે જેવી મળે તેવી મજુરી સ્વીકારી લેવી પડે છે. એની આગળ વધવાની તકો મર્યાદિત બની જાય છે. જરાક ઠીક ભણતર વડે દીકરો વધુ સમૃદ્ધ જીવન જીવી શકયો હોત એ શક્યતા પર પણ વહેલાં લગ્ન કરનાર વડીલો દ્વારા પાણી ફેરવી દેવામાં આવે છે. આ પરિસ્થિતિનો બોજ પણ કિશોરી પર પડે છે, જે એણે જીવનભર વેંઢારવો પડે છે.

આમ, બાલિકાના જીવન પર દરેક પ્રકારે વિપરીત અસર કરનાર બાળલગ્ન અટકવા જ જોઇએ તે માટે બે રાજમાર્ગ છે : એક, કાનૂન અને બે, સામાજિક જાગૃતિ.

આપણે ત્યાં છેક ૧૯૨૯ માં બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ કાયદો ઘડાયો છે. એમાં વખતો વખત છોકરા-છોકરીનાં લગ્ન માટે લઘુત્તમ ઉંમર નિયત કરવામાં આવી છે. હાલમાં આ ઉંમર છોકરા માટે ૨૧ અને છોકરી માટે ૧૮ છે. જો કે માત્ર કાયદાની પોથીમાં આ ઉંમર લખવાથી લોકો એનું પાલન કરે નહીં. આથી પોલીસ અથવા ન્યાયાધીશને જાણ કરીને આવાં લગ્ન અટકાવી શકાય છે. આમ છતાં, કોઇ નિયત ઉંમરનાં સંતાનોનાં લગ્ન કરાવવામાં તો કાનૂન એને સજા કરી શકે છે. આ સજા રૂા. ૧૦૦૦ સુધીનો દંડ અથવા ત્રણ માસની કેદ અથવા એ બંનેની હોઇ શકે. વર્તમાન સંજોગોમાં આ સજા ઘણી ઓછી છે. એટલે એની બીક ભાગ્યે જે કોઇને લાગે છે અને આગળ લખ્યું તેમ, કિશોરીઓ ૧૮ વર્ષની થાય તે પહેલાં તો એમાંની ૫૭ ટકાનાં લગ્ન થઇ જાય છે!

બીજો રાજમાર્ગ સામાજિક જાગૃતિનો છે. સમાજ સ્વયં જાગે, નાની વયનાં લગ્નનાં કેવા માઠાં પરિણામ આવે છે. તે જાણે, સમજે તો આ સામાજિક દૂષણ પર નિયંત્રણ આવી શકે. આપણે ગીતામાં, વાર્તાઓમાં, ફિલ્મોમાં અને રાજકીય ભાષણબાજીમાં તો દીકરીનો ભારે મહિમા કરીએ છીએ, પરંતુ ભોંયતળીયે, ગ્રાઉન્ડ રિયાલીટીમાં ભાગ્યે જ કશું પરિવર્તન આણી શકીએ છીએ, કારણ કે એ બધું ભોંયતળીયા સુધી પહોંચતું નથી.

# ભારતમાં ચોમેર સ્વતંત્રતા મેળવવાની જવાળાઓ ભભૂકતી જોઇ આખરે બ્રિટીશરોએ નમતું મૂકવું પડ્યું

## રાષ્ટ્રીય ભાવનાનું મૂલ્ય... મહત્વ અને પ્રવૃત્તિઓ...

- હર્ષદભાઈ બી. શાહ

(ગતાંકથી ચાલુ)

એમ.એમ. રોય તથા સરોજિની નાયડુના ભાઇ વીરેન્દ્ર ચેટરજી એમાં અગ્રેસર ભૂમિકામાં હતા, પણ સરકારને આ ગદ્દાર પક્ષની ગંધ આવી ગઇ. લશ્કર ઉત્તર પ્રદેશ અને પંજાબમાં બળવો કરનાર હતું, પણ તે પહેલાં સરકારે ૨૫૦૦ માણસોને જેલ ભેગા કરી દીધા.

આ યુદ્ધ પછી કોંગ્રેસની અસહકારની ચળવળ શરૂ થઇ. તે સાથે ક્રાંતિકારીઓએ પોતાનાં પગલાં શરૂ કરી દીધા. કેટલાક પકડાયા ને ફાંસીના ગાળીયાં ગળે પડ્યા. ૧૯૩૦ની સાલમાં સરદાર ભગતસિંહ અને દત્તે કેન્દ્રની ધારાસભામાં - પાલમિન્ટમાં બોમ્બ ફેંક્યો.

જે કાર્ય હજારો ભાષણોથી કે સેંકડો પુસ્તકોથી ન થઇ શક્યું હોત તે કાર્ય, સ્વાતંત્ર્યસંગ્રામની બલિવેદી પર પ્રાણની આહુતિ આપનાર વીર સરદાર ભગતસિંહે ૧૯૨૯ની આઠમી એપ્રિલે, 'ઇન્કલાબ ઝિંદાબાદ' ના નારા સાથે, દિલ્હીની વડી ધારાસભાના હોલમાં એક જ બોમ્બ ધડાકાથી કરી બતાવ્યું. એવી રાષ્ટ્રભાવના આજના વિદ્યાર્થીઓમાં, યુવાનોમાં, નેતાઓમાં કેમ નથી આવતી? શું એવાં સંસ્કારો નથી કેળવાતાં? શું એવું શિક્ષણ નથી મળતું? દરેક ક્ષેત્રે કયાંક કશુંક સારૂં ખૂટી રહ્યું છે એ મારા-તમારા જેવા રાષ્ટ્રપ્રેમીઓની ચિંતા કરી રહી છે. ચાલો, રાષ્ટ્રભાવના સતત કેળવાતી રહે એવું શાળા અને સમાજ કક્ષાએ ચિંતન કરતા રહીએ, વીર ભગતસિંહ જેવા અનેક શહિદોને કોટિ કોટિ વંદન! ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીની ઉજવણી પ્રસંગે આ બધી ઘટનાઓ વિદ્યાર્થીઓ સમક્ષ અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરી દૃશ્ય શ્રાવ્ય-માધ્યમથી બતાવીશું તોય ઘણું છે.

વીર ભગતસિંહ અને તેમનાં સાથીદારોને ફાંસી અપાઇ. ૧૯૩૦ સુધી આ ક્રાંતિકારી ચળવણ ચાલુ રહી. આ સંગ્રામમાં કેટલીક યુવતીઓએ પણ નોંધપાત્ર ફાળો આપ્યો હતો. પ્રીતિલતા, વીણાદાસ વગેરેએ કોલેજમાં અભ્યાસ દરમિયાન એમાં ભાગ લીધો હતો.

જલિયાવાળા બાગમાં લોકોને પેટે ચલાવી ગોળીથી વીંધનાર માઇકેલ એડવાયરને ૧૯૪૦માં ઉધમસિંહ નામના યુવાને ગોળી મારી વેર વાળ્યું. આ વખતે જતીનદાસ વગેરે યુવાનો જેલમાં હતા. તેઓ પણ જેલના અધિકારીઓ સામે ઉપવાસ આદરી મરણને શરણ થયા.

બીજા વિશ્વયુદ્ધમાં રાસબિહારી બોઝ નામના યુવાને હિંદી નૌકાદળમાં બળવો પોકારી હિંદનું રાષ્ટ્રીય સૈન્ય ઊભું કર્યું, જેના વડા કોંગ્રેસનાં એક વખતનાં પ્રમુખ સુભાષચંદ્ર બોઝ બન્યા અને તેમનાં સાથીદાર કેપ્ટન લક્ષ્મી બન્યાં.

માત્ર ૪૮ વર્ષના જીવનમાં સુભાષબાબુ હિંદુસ્તાનમાં ૪૮૦ વર્ષ જેટલું જીવી ગયા. સુભાષચંદ્ર એવા મહામાનવ હતા કે જેમણે 'દિલ્હી ચલો' નો નારો આપ્યો. 'જય હિંદ' નો જયઘોષ આપ્યો. 'જનગણમન અધિનાયક' ગીતને રાષ્ટ્રગીત તરીકે સ્થાપ્યું. ગાંધીજીએ તેમને 'ફાધર ઓફ ધ નેશન' કહ્યા. બોઝ પરિવારે 'ભારત રત્ન'નો અસ્વીકાર કરેલો. તેમણે ઇંગ્લેન્ડની કઠિન I.C.S. ની પરીક્ષા ચોથા ક્રમે ઉત્તીર્ણ કરી હતી. આ પરીક્ષા પાસ કરવાથી ભારતમાં ઉચ્ચ કક્ષાના સનદી અધિકારી બની શકાય, પરંતુ રાષ્ટ્રપ્રેમી સુભાષજી ભારતને ગુલામ બનાવનાર અંગ્રેજ સરકારના હાથા ન બન્યા. ઇરાદાપૂર્વક ઘોડેસવારીની પરીક્ષામાં નાપાસ થયા. કોલકત્તાની પ્રેસિડેન્સી કોલેજમાં અધ્યાપક તો બન્યા, પરંતુ અંગ્રેજ અધ્યાપકોના ગુમાનને સાંખી ન શક્યા અને રાજીનામું ધરી દીધું. કાવૂર, ગેરિબાલ્ડી, બિસ્માર્ક, મોલ્ટકેન, લેનિનની હરોળમાં ગણયા એવા સુભાષબાબુએ વિદેશમાં જઇ 'આઝાદ હિંદ ફોજ' દ્વારા ભારતની પ્રજામાં અભૂતપૂર્વ દેશભક્તિનો સંચાર કર્યો અને કમનસીબે ટોકિયો પાસે એક વિમાની દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા?!!

ભારતમાં ચોમેર સ્વતંત્રતા મેળવવાની જવાળાઓ ભભૂકતી જોઇ આખરે બ્રિટીશરોએ નમતું મૂકવું પડ્યું. ૧૯૪૨માં ગાંધીજીએ ઉપાડેલી જોરદાર ચળવળ 'અંગ્રેજો ચાલ્યા જાવ!' અંગ્રેજોને આખરે ભાડે પડી ગઇ. શાંત સત્યાગ્રહો અને સત્ય અને અહિંસાના માર્ગે ગાંધીજીની પ્રખર આગેવાની હેઠળ સૌ જોડાયા. અમદાવાદમાં ગુજરાત કોલેજ પાસે રાષ્ટ્રધ્વજનું રક્ષણ કરતાં વિનોદ કિનારીવાળા નામે યુવાન શહીદ થયો. આખરે બ્રિટીશ સરકારને ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ને દિને આપણા દેશને સ્વતંત્ર જાહેર કરવો પડ્યો.

'મારૂં જીવન એ જ મારો સંદેશ છે' - એવું કહી શકનારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ભારતની આઝાદીનું સબળ નેતૃત્વ લઇ તથા તે સમયમાં અનેક પ્રશ્નો સામે ભારે લડત ઉપાડી હતી. ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોને અને ભાવનાઓને પુનર્જિવીત કર્યા. સમગ્ર વિશ્વને એમણે સત્ય, અહિંસા, ન્યાય અને વિશ્વપ્રેમનો રાહ બતાવ્યો. લોખંડી પુરૂષ સરદાર વ. પટેલે રાષ્ટ્રના તાણાવાણાને કોઠાસૂઝથી સાંકળી અંખડ ભારતનું સ્વપ્ન સાકાર કરી બતાવ્યું અને ભારતની અંખડિતતાને જાળવી રાખી અને રાષ્ટ્ર વિરોધી બળોને દેશ પર કાબૂ મેળવવામાં અશક્ત બનાવી દઇને જનતા જનાર્દન અને રાષ્ટ્રની સેવા કરી.

આમ, આપણા રાષ્ટ્રભાવનાથી ભરેલી સ્વાતંત્ર્ય લડતમાં બે વહેણો છે. એક ઉપર જણાવ્યો તેવો હિંસક અને બીજો ગાંધીજીની આગેવાની હેઠળ અહિંસક સત્યાગ્રહો અને આમરણાંત ઉપવાસોથી ભરેલો... સત્ય અને અહિંસાનાં શસ્ત્રો દ્વારા મેળવેલો.

આપણો સ્વાતંત્ર્યનો ઇતિહાસ કુરબાનીની કસુંબી ગાથાઓ, સ્વદેશના સ્વમાન માટે સ્વાર્પણની તમન્ના પ્રગટાવી આઝાદીનું ખપ્પર પોતાના લોહીથી ભરતા નવલોહિયા યુવાનોને યુવતીઓની જીવન ઝરમરથી ભરપૂર છે. એ શહિદોની કુરબાની આગળ આપણું મસ્તક ઝૂકી પડે છે. દેશભક્તિની ફિલ્મો તેમજ દેશભક્તિની ટી.વી. સિરીયલો અને સ્વાતંત્ર્ય સંગ્રામનાં ગીતો તથા દેશભક્તિનાં ગીતો દ્વારા રાષ્ટ્રીય પર્વોએ એની ઝાંખી કરાવાતાં આંખ ભીની થઇ જાય એવી બલિદાન ગાથાઓ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)


# વિશ્વની મહાન મહિલાઓનાં પ્રેરક જીવનની ગાથા આલેખતું પુસ્તક

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

વિશ્વની અડધી જનસંખ્યા મહિલાઓની છે. પણ વિશ્વનાં મહ્ત્વનાં ક્ષેત્રો જેમ કે ધાર્મિક, રાજકીય, સામાજિક, આર્થિક અને વૈજ્ઞાનિક વગેરે બધા ક્ષેત્રોમાં તેમણે અડધો અડધ ભૂમિકા ભજવી હોય તેવું દેખાતું નથી. આજ સુખી કોઇ મહિલા પોપ કે શંકરાચાર્ય જેવી ગાદી ઉપર બેઠી નથી. આજ સુધી કોઇ મહિલા વિશ્વ વિજેતા સિકંદર, નેપોલિયન, જેવી થઇ નથી. આજ સુધી કોઇ સમુદ્રી સાહસ કરનારી મહિલા વાસ્કો-ડી-ગામા, કોલંબસ જેવી થઇ નથી... આવું જ બીજા ક્ષેત્રોનું પણ કહી શકાય.

આમ છતાં પણ મહિલાઓમાંથી ઘણી મહિલાઓ મહાન અને પ્રેરક જીવન જીવનારી થઇ છે. જે અસંખ્ય મહાન મહિલાઓ થઇ છે તેમાંથી કેટલીક મહિલાઓનું પ્રેરણાદાયી જીવન જેમાં આલેખાયું છે તેવા એક પુસ્તકની વાત મારે આજે તમને કરવી છે.




પુરૂષ કરતાં સ્ત્રીને પરિસ્થિતિ વધુ બાધક બનતી હોય છે. તેથી એવો તો કદી દાવો કરી શકાય કે સ્ત્રી-પુરૂષ બંને જીવનનાં બધા ક્ષેત્રોમાં એક સરખાં છે. સૌનાં ક્ષેત્રો અલગ અલગ છે. તેમ છતાં ગણી મહિલાઓએ પોતાનું અદ્દભૂત જીવન જીવી બતાવ્યું છે. જેથી ઘણાને ખાસ કરીને મહિલાઓને ઘણી પ્રેરણા મળી શકે તેમ છે. આવી મહિલાઓને લોકો ભૂલી ચુક્યા હોય છે. તેમને લોકો યાદ કરતા થાય અને પ્રેરણા ગ્રહણ કરે તેવા ઉમદા હેતુથી લેખકે આ પુસ્તક લખ્યું છે.

'મહાન મહિલાઓ' નામે પ્રસિદ્ધ થયેલા આ પુસ્તકમાં વિશ્વની ૧૬ જેટલી મહાન મહિલાઓનાં જીવન અને કાર્યને લેખકે સુંદર રીતે આલેખી આપણા સમક્ષ મુકી આપ્યું છે. જેમાંથી પસાર થતાં આપણને ખ્યાલ આવે છે કે સ્ત્રીઓ અને પુરૂષોમાં સુધારો પરસ્પરમાં સંઘર્ષ કરાવનારો ન હોવો જોઇએ. મેળ કરાવનારો હોવો જોઇએ. સ્ત્રી-પુરૂષમાં ઘર્ષણ નહીં મેળની જરૂર છે. બંનેમાં ઘણાં મહાન હોય છે. અને ઘણાં અધમ પણ હોય છે. ચરિત્રો વીણી વીણીને મહાનોના લખાતાં હોય છે. અધમોનાં નહીં. સ્ત્રી-પુરૂષો પણ એકબીજાના પુરક બને, બાધક નહીં! બાધક બનાવનારા આચાર-વિચારો સુખનો નાશ કરનારા હોય છે. પોતપોતાની શ્રેષ્ઠતા માટે પરસ્પરમાં સંઘર્ષ કરનારા સુખી નથી થતાં હોતાં. સૌ સૌની પોતપોતાની મર્યાદા અને સીમાઓ હોય છે. પોતાની સીમાને સ્વીકારવી અર્થાત પોતાની ઔકાત ને સ્વીકારવી એ ડહાપણનું પ્રથમ પગથિયું છે. પ્રસ્તુત પુસ્તકમાં આલેખાયેલી મહિલાઓ કદી પણ પુરૂષ વિરોધી આંદોલનકારી રહી નથી. બલખે તેમણે જે મહાન કાર્યો કર્યા તેમાં કોઇને કોઇ પુરૂષ, પછી તે પિતા હોય, પતિ હોય, ભાઇ હોય કે મિત્ર હોય તે બધાના સાથથી જ મહાન કાર્યો કર્યા છે.

પ્રાચીન કાળમાં અને આજે પણ મહિલાઓને અમુક ક્ષેત્રોમાં અમુક પ્રમાણમાં અન્યાય થતો રહ્યો છે. તેની ના નહીં. તેને દૂર કરવા મહિલાઓ કરતાં પુરૂષોએ જ વધુ સંઘર્ષો કર્યા છે. જેમ કે સતી પ્રથાનો વિરોધ કોઇ મહિલાએ નહીં, રાજારામ મોહનરાયે કર્યો હતો. અને સફળ થયા હતા. વિધવા વિવાહની ઝુંબેશ પણ પુરૂષોએ જ ઉપાડી હતી. અને સફળતા મેળવી હતી. સ્ત્રી શિક્ષણનો પ્રયત્ન કરનાર પણ પુરૂષો જ હતા. લગભગ જીવનના બધાં જ ક્ષેત્રોમાં મહિલાઓને થતા અન્યાયનો વિરોધ કરી, આંદોલન કરનારા પ્રથમ તો પુરૂષો જ હતા. તેથી પુરૂષની પુરી જાતિ સ્ત્રી વિરોધી છે તેવું માની લેવું યોગ્ય ન કહેવાય. પુરૂષ પ્રધાનના કુદરતા સહજ છે અને તે બીજા પ્રાણીઓમાં પણ છે. ઉભય પ્રધાનતા શક્ય નથી. તેથી તો અવ્યવસ્થા થાય. હુકમનો એકકો એક જ હોય. ઘણા ન હોય. રાષ્ટ્રના પ્રમુખ એક જ હોય. ઘણા ન હોય. પણ પ્રમુખ સરમુખત્યાર ન હોવો જોઇએ. તે મંત્રીમંડળની સલાહથી કામ કરતો હોય છે. સ્ત્રી પ્રધાનમંત્રી છે. ખરેખર તો તેનું જ વધારે ચાલતું હોય છે. આ વાસ્તવિકતા છે. સ્ત્રી વિના પુરૂષ અધૂરો છે, અને પુરૂષ વિનાની સ્ત્રી પણ અધુરી છે. પરમેશ્વરે જ બંનેને એકબીજાનાં પરાધીન બનાવ્યાં છે. તો હવે બંનેને પૂરક બનાવવાં જોઇએ. વિરોધી નહી. સ્ત્રી પુરૂષ જેવી બને તો તેનો જયજયકાર થાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)